Sandesh (Suppl.: Citylife)

EDII

December 1, 2023
Pg.2

# EDII આંત્રપ્રિન્યોરશિપની તાલીમ આપતા ૫૦૦ જેટલા નોડલ ઓફિસર તૈયાર કરશે

## આંત્રપ્રિન્યોરશિપ ડેવલોપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયાએ વિદ્યાર્થી ઉદ્યોગ સાહસિકતા પોલિસી સંદર્ભે ગુજરાત સરકારનાં ઉચ્ચ શિક્ષણ વિભાગ સાથે એમઓયુ કર્યા



**સિટી લાઇફ ।** EDII (એન્ટરપ્રિન્યોરશિપ ડેવલોપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા)એ ગુજરાત સરકારનાં ઉચ્ચ શિક્ષણ વિભાગ સાથે વિદ્યાર્થી ઉદ્યોગ સાહસિકતા પોલિસીની અસરકારક અમલવારી માટે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતા. આ પોલિસી વિદ્યાર્થીઓને તેમના સર્જનાત્મક વિચારો અને કુશળતા દર્શાવવા માટે પ્લેટફોર્મ પૂરું પાડશે તથા તેમને ભવિષ્યના સાહસિકો બનવા માટે વધુ પ્રોત્સાહિત કરશે. રાજ્યની સરકારી બિન સરકારી અનુદાનિત આર્ટ, સાયન્સ, કોમર્સ, બી. એડ, લૉ કોલેજો તથા ગ્રામ્ય વિદ્યાપીઠમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓને અભ્યાસની સાથે સાથે ઉદ્યોગ સાહસિકતા વિકસાવવા તથા તેઓને પ્રોત્સાહન આપવાના ભાગ રૂપે રાજ્ય સરકારે વિદ્યાર્થી ઉદ્યોગ સાહસિકતા પોલિસી અમલમાં મૂકવામાં આવેલ છે. EDII સંસાધન વ્યક્તિઓની કેડર તૈયાર કરીને (ઉદ્યોગ સાહસિકતા સંબંધિત તાલીમ આપવા માટે ફેકલ્ટી માર્ગદર્શક), વિદ્યાર્થીઓ માટે તાલીમ કાર્યક્રમો અને વર્કશોપનું આયોજન કરીને, તેમને તેમના પોતાના સાહસો સ્થાપવા માટે તાલીમ આપવા દ્વારા નીતિનો અમલ કરશે.